પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૩૭, કુલ પાના:૪, તારીખઃ ૦૧-૦૬-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 237 PRICE :-RS. 1.50 DATE : 01-06-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678


પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભારતીય અર્થતંત્રમાં સુધારો

# ૨૦૨૦-૨૧ ના ચોથા ત્રિમાસિક ગાળામાં GDP વધ્યો, જો કે સમગ્ર વર્ષ દરમિયાન ૭.૩ ટકાનો ઘટાડો

ન્યુ દિલ્હી,

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં દેશનો GDP ૭.૩ ટકાનો ઘટાડો થયો છે. જોકે, ગયા નાણાકીય વર્ષનાં ચોથા ક્વાર્ટરમાં GDPમાં ૧.૬ ટકાનો વધારો થયો છે. આ સૂચવે છે કે કોરોનાની બીજી લહેર પહેલા દેશની અર્થવ્યવસ્થા રિકવરીનાં માર્ગ પર હતી.




નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં દેશની અર્થવ્યવસ્થામાં ઘટાડો થવાનું અનુમાન હતું. કારણ કે ગયા વર્ષે કોરોના રોગચાળાએ અર્થતંત્ર પર ભારે અસર કરી હતી. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં દેશનો GDP ગ્રોથ ૪% હતો.

પાછલા નાણાકીય વર્ષમાં ગ્રોસ વેલ્યુ એડેડમાં ૬.૨ ટકાનો ઘટાડો નોંધાયો છે. અર્થતંત્રનાં વિકાસ દર વિશે GVA પ્રમાણમાં સારી પદ્ધતી છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં બહાર પાડવામાં આવેલા એડવાન્સ અનુમાનમાં અગાઉના નાણાકીય વર્ષમાં આર્થિક વિકાસ દરમાં ૮ ટકાનાં ઘટાડાનું અનુમાન હતું. આ રીતે વાસ્તવિક આંકડાઓ અનુમાન કરતા વધુ સારા છે.

ગયા નાણાકીય વર્ષના છેલ્લા ત્રિમાસિક ગાળામાં બાંધકામ ક્ષેત્ર (કન્સ્ટ્રક્સન સેક્ટર)માં ૧૪ ટકાની વૃધ્ધી રહી. યુટિલિટી સેક્ટરમાં ગ્રોથ ૯.૧ ટકા રહ્યો. યુટિલિટીમાં ગેસ, વીજળી, પાણી પુરવઠાનો સમાવેશ થાય છે. બીજી તરફ, સર્વિસ સેક્ટરમાં ૨.૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. સર્વિસ સેક્ટરમાં હોટલ, ટ્રેડ અને ટ્રાન્સપોર્ટનો સમાવેશ થાય છે. જો કે, કન્સ્ટ્રક્સન અને યુટિલિટીઝ સેક્ટરના સારા પ્રદર્શનને લીધે પાછલા નાણાકીય વર્ષમાં GDPમાં અપેક્ષા કરતા ઓછો ઘટાડો થયો.

પાછલા નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં, અર્થતંત્ર વૃધ્ધીનાં માર્ગ પર પાછું ફર્યું હતું. ડિસેમ્બર ક્વાર્ટરમાં GDP ગ્રોથ ૦.૫ ટકા હતો. આ પહેલા પાછલા નાણાકીય વર્ષનાં પ્રથમ ત્રિમાસિક ગાળામાં GDP માં લગભગ ૨૪ ટકા અને બીજા ક્વાર્ટરમાં ૭.૫ ટકાનો ઘટાડો આવ્યો હતો.

# રાજસ્થાનમાંથી ગુજરાતમાં લવાતો ૧૨૦૦ પેટી દારૂનો ૪ કરોડનો જથ્થો જપ્ત

અમદાવાદ,

કોરોનાકાળમાં પણ બુટલેગરો થમવાનું નામ નથી લેતાં. આમ તો ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે પણ છાસવારે પોલીના હાથે લાખો રૂપિયાનો દારૂ ઝડપાય છે. ગુજરાતમાં ફરી એકવાર દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડ્યા છે. હાલ એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. ગુજરાત બોર્ડરથી ૧૧૦ કિ.મી. દૂર દારૂ ઝડપાયો છે. ગુજરાતમાં લવાતો ૧૨૦૦ પેટી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. રાજસ્થાનના સિરોહીના ભુજેલની હદમાંથી ૧૨૦૦ પેટી દારૂનો જથ્થો ઝડપાયો છે. જેમાં મોટી સંખ્યામાં દારૂ લેવા આવેલા મોટાભાગના વાહનો ગુજરાતના હોવાનો ખુલાસો થયો છે. ૧૨૦૦ પેટી દારૂના જથ્થો ગુજરાતમાં ઘૂસાડવામાં આવી રહ્યો હતો, પરંતુ બિકાનેર સહિત ૫ જિલ્લાનોં ની ટીમનું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં આ ઘટના સામે આવી હતી.



આ વિશે મળતી માહિતી પ્રમાણે ગુજરાતમાં ફરી એકવાર દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડ્યા છે. રાજસ્થાનના સિરોહી જિલ્લાના ભુજેલ જિલ્લાની હદમાંથી કરોડો રૂપિયાનો દારૂ ગુજરાતમાં લવાતો હતો, ત્યારે બિકાનેર સહિત ૫ જિલ્લાના ITની ટીમનું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં આ ઘટના સામે આવી હતી. ૧૨૦૦ પેટી દારૂના જથ્થાની કુલ રકમ ૦૪ કરોડ રૂપિયા જેટલી થાય છે.

ગુજરાતની બોર્ડરથી માત્ર ૧૧૦ કિલોમીટર અંતરેથી કરોડો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. રાજસ્થાનના સિરોહી જિલ્લાના ભુજેલ જિલ્લાની હદમાં કરોડોનો દારૂનો જથ્થો ગુજરાતમાં ઘૂસાડાતો હતો. ત્યારે દારૂનો જથ્થો લેવા આવેલા તમામ વાહનોમાંથી મોટા ભાગના વાહનો ગુજરાત પાર્સિંગના હોવાનું સામે આવ્યું છે. ખાસ વાત તો એ છે કે મોટાભાગના વાહનો અમદાવાદના હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાની બાતમીના આધારે બિકાનેર સહિત પાંચ જિલ્લાના આયકર વિભાગના અધિકારીઓની ટીમ દ્વારા સમગ્ર ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. અંદાજિત કુલ રૂપિયા ૦૪ કરોડનો મુદ્દમાલ જપ્ત કરવામાં આવ્યો છે.

બિકાનેર સહિત પાંચ જિલ્લાના આયકર વિભાગના અધિકારીઓની ટીમે આ ઘટનામાં ૦૫ મીની ટ્રક અને ૦૮ ફોર વહીલર ગાડીઓ જપ્ત કરી છે અને ૧૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તમામ દારૂનો જથ્થો ગુજરાતમાં લાવવામાં આવી રહ્યો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. ૧૨૦૦ ઈંગ્લીશ દારૂની પેટીઓ જપ્ત કરવામાં આવી છે.

# ૧૨ અઠવાડિયા પછી દેશમાં કોરોનાથી થતા મોતના આંકડામાં ઘટાડો

### છેલ્લા ૨૪ કલાકમાં ૧.૫૨ લાખ પોઝિટિવ કેસ નોંધાયા જ્યારે ૩૧૦૦થી વધુ લોકોના મોત નિપજ્યા, લગભગ તમામ રાજ્યોમાં નવા કેસમાં ઘટ્યા, કોરોના વાયરસથી રિકવરી રેટ ૯૦ ટકાથી વધુ

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોના વાયરસની બીજી લહેરનો પ્રકોપ ધીરે ધીરે ઓછો થઈ રહ્યો છે. નવા કેસમાં ભારે ઘટાડો થયો છે આ સાથે મોતનો આંકડો પણ ઘટ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી કોરોનાના નવા ૧.૫૨ લાખથી વધુ નવા કેસ સામે આવ્યા છે. જ્યારે ૩૧૦૦થી વધુ લોકોના મોત થયા છે. આ અગાઉ રવિવારે બહાર પડેલા આંકડા મુજબ ૨૪ કલાકમાં ૧.૬૫ લાખ નવા કેસ નોંધાયા હતા જ્યારે ૩૪૬૦ દર્દીના મોત થયા હતા. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી કોરોનાના નવા ૧,૫૨,૭૩૪ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતોનો આંકડો હવે ૨,૮૦,૪૭,૫૩૪ પર પહોંચ્યો છે. દેશમાં એક દિવસમાં કોરોનાથી ૩૧૨૮ દર્દીના મોત થયા છે. કુલ મૃત્યુઆંક ૩,૨૯,૧૦૦ થયો છે. જો કે હવે દેશમાં એક્ટિવ કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ૨૪ કલાકમાં ૨,૩૮,૦૨૨ દર્દીઓ રિકવર થયા. આ સાથે કુલ સાજા થયેલા લોકોની સંખ્યા ૨,૫૬,૯૨,૩૪૨ થઈ છે. હાલ ૨૦,૨૬,૦૯૨ દર્દીઓ સારવાર હેઠળ છે. રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં દેશમાં કુલ ૨૧,૩૧,૫૪,૧૨૯ રસીના ડોઝ અપાયા છે.

સતત ૧૮માં દિવસે કોરોના વાયરસના નવા કેસ કરતા રિકવર થનારા લોકોની સંખ્યા વધુ છે. આ સાથે જ કોવિડ-૧૯થી રિકવરી રેટ ૯૦ ટકાથી વધુ થયો છે. હાલ કોરોનાથી રિકવરી રેટ ૯૧.૬૦% છે. જ્યારે દેશમાં કોરોનાથી મૃત્યુદર ૧.૧૬ ટકા છે. એક્ટિવ કેસ પણ ઘટીને ૮ ટકાથી ઓછા થયા છે. એક્ટિવ કેસ મામલે દુનિયામાં ભારત બીજા સ્થાને છે. કુલ સંક્રમિતોની સંખ્યાના મામલે પણ ભારત ૧૦માં નંબરે છે. જ્યારે મોત મામલે ભારત ત્રીજા નંબરે છે. દુનિયામાં અમેરિકા અને ભારત બાદ સૌથી વધુ કોરોનાથી મૃત્યુ ભારતમાં થયા છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ રવિવારે દેશભરમાંથી કોરોનાના કુલ ૧૬,૮૩,૧૩૫ ટેસ્ટ કરાયા હતા. આ સાથે અત્યાર સુધીમાં કરાયેલા કોરોના ટેસ્ટનો આંકડો ૩૪,૪૮,૬૬,૮૮૩ પર પહોંચી ગયો છે.

કોરોનાની ત્રીજી લહેરનું જોર હવે ઘટતું દેખાઈ રહ્યું છે, દેશમાં સતત ત્રણ અઠવાડિયાથી નવા કેસમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે, આ સાથે ગુજરાત અને મહારાષ્ટ્ર સહિતના રાજ્યો અને કેન્દ્ર સાશિત પ્રદેશોમાં પણ નવા કેસમાં ઘટાડો દેખાઈ રહ્યો છે.

અઠવાડિયા દરમિયાન દેશના ૩૬ રાજ્યો અને કેન્દ્ર સાશિત પ્રદેશોમાંથી ૫માં જ પાછલા ૭ દિવસની સરખામણીમાં નવા કેસમાં વધારો થયો છે. જે રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સિક્કિમ, મણિપુર, અરુણાચલ પ્રદેશ, મિઝોરમ અને લદાખનો સમાવેશ થાય છે. આ સિવાય આસામ અને ત્રિપુરામાં થયેલો ઘટાડો સામાન્ય છે.

# સચિવાલય સહિતની સરકારી ઓફિસોમાં જ ફાયર સેફ્ટી નહીં



ગાંધીનગર,

ગુજરાતભરમાં આગની ધ્રુજાવી દે તેવી ઘટનાઓમાં અનેક લોકોનાં મોત થયા છે. તક્ષશિલાકાંડને ૨ વર્ષ પુર્ણ થયા છે, તો કોરોનાકાળમાં અનેક હોસ્પિટલમાં ભયાવહ આગની ઘટનાઓ બની છે. તેવામાં સરકાર દ્વારા ફાયર સેફ્ટીના મુદ્દે કેટલી ગંભીર છે તેનો ખુલાસો હાઈકોર્ટમાં થયેલાં સોગંદનામામાં થયો છે. ગાંધીનગરમાં સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાં જ ફાયર સેફ્ટી નથી.

હાઈકોર્ટ સમક્ષ થયેલા સોગંદનામામાં મોટો ખુલાસો થયો છે કે સચિવાલય, પોલીસ ભવન કચેરીમાં જ ફાયર સેફ્ટી નથી. એટલું જ નહીં ૪૦%થી વધુ સરકારી બિલ્ડીંગમાં ફાયર સેફ્ટી NOC નથી. ઉલ્લેખનીય છે કે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી જેવી ઉચ્ચ ટેક્નોલોજીકલ સંસ્થાઓમાં પણ ફાયર સેફ્ટી નથી. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર ઓફિસરે કરેલા સોગંદનામામાં ખુલાસો થયો છે. આ ઉપરાંત વડોદરામાં ૬૪૬ હોસ્પિટલમાં ફાયર સેફ્ટી NOC નથી. જૂનાગઢમાં ૧૨ કોવિડ, ૧૯ અન્ય હોસ્પિટલ પાસે NOC નથી.

# ફરીથી વધ્યા પેટ્રોલ-ડીઝલના ભાવ, અમદાવાદમાં ૯૧.૨૫નું લિટર




ન્યુ દિલ્હી,

ફરીથી પેટ્રોલ-ડીઝલના ભાવ વધી ગયા છે જેના કારણે મે મહિનાના અંતિમ દિવસે પણ સામાન્ય જનતાને મોટો ઝટકો લાગ્યો છે. સોમવારે દિલ્લીમાં પેટ્રોલ ૨૯ પૈસા પ્રતિ લિટર અને ડીઝલ ૨૪ પૈસા પ્રતિ લિટર મોંઘુ થયુ છે જ્યારે આખા દેશના અલગ અલગ શહેરોમાં પેટ્રોલના ભાવમાં ૨૫-૩૧ પૈસા પ્રતિ લિટર અને ડીઝલના ભાવમાં ૨૫-૧૯ પૈસા પ્રતિ લિટર સુધીનો વધારો કરવામાં આવ્યો છે.

તમને જણાવી દઈએ કે મે મહિના સુધી અત્યાર સુધી ૧૭ વાર પેટ્રોલ અને ડીઝલ મોંઘુ થઈ ચૂક્યુ છે. સતત વધી રહેલા ક્રૂડ ઓઈલના ભાવોના કારણે માત્ર ૧૭ દિવસોમાં પેટ્રોલના રેટ ૩.૮૮ રૂપિયા અને ડીઝલ ૪.૪૨ રૂપિયા મોંઘુ થઈ ચૂક્યુ છે. તમને જણાવી દઈએ કે નવી કિંમતો રોજ સવારે ૬ વાગે જારી કરવામાં આવે છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**પરમાર ભારતભાઈ માસુખભાઈ**

મુ. કુન્લી, તા. લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**કટારા સુરેખાબેન શનાભાઈ**

મુ. ડુંગરા, તા. લીમખેડા



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગરમાં આજે ૧૧ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૭૦૩૩ પોઝીટીવ કેસ નોંધાયા



લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના– ૦૧ સ્ત્રી, કડાણા તાલુકા તાલુકાના ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાની–૦૩ સ્ત્રી, ૦૧ પુરૂના, લુણાવાડા તાલુકાના–૦૧ સ્ત્રીના અને ૦૩ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૩૧–૦૫–૨૦૨૧ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૭૪૦૨ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની–૦૬ સ્ત્રી, ૦૭ પુરૂષ, કડાણા તાલુકાની– ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, ખાનપુર તાલુકાની–૦૪ સ્ત્રી, ૦૪ પુરૂષ, લુણાવાડા તાલુકાની–૧૧ સ્ત્રી, ૧૬ પુરૂષ, સંતરામપુર તાલુકાની–૧૦ સ્ત્રી, ૧૦ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી અને ૦૫ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૦૩૩ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૪૬૪૨૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૮ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૭૯ દર્દી હોમઆઇસોલેશનમાં, ૧૨ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૩૨ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૧૬૫ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૨૨૫ દર્દીઓ સ્ટેબલ, ૬૫ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૬ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

**મહીસાગરમાં આજે કોરોનાના કેસની સંખ્યા**

બાલાસીનોર-૦૧
કડાણા-૦૧
ખાનપુર-૦૪
લુણાવાડા-૦૪
સંતરામપુર-૦૧

## ભવાઈના કલાકાર વિજાનંદ તુરીની અનોખી સેવા

# કોરોનાના આ કપરાકાળ વચ્ચે નાગરિકોમાં જાગૃતિ આવે અને કોરોનાના સંક્રમણને અટકાવી શકાય તે માટે ગામે-ગામ પ્રચાર કર્યો



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા નોવેલ કોરોના વાયરસ (કોવિડ–૧૯)ને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. ત્યારે આ કોરોના વાયરસના સંક્રમણને ફેલાતો અટકાવવા માટે લોકડાઉન સહિત અનેક પ્રકારની પાબંધીઓ લગાવવામાં આવી હતી. જેના કારણે નાના વેપારીઓથી માંડી ઉદ્યોગ જગતને પણ તેનાથી સહન કરવું પડ્યું હતું.

આવી આ વૈશ્વિક મહામારીમાં જયારે ભારતીય સંસ્કૃતિમાં પ્રચાર–પ્રસાર માટે અગાઉ ગામઠી અને લોકભોગ્ય બોલીમાં નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓની જાણકારી મળી રહે તે માટે ભવાઇ, ભજન–કિર્તન, લોકડાયરા, કઠપૂતળી જેવા પરંપરાગત માધ્યમનો ઉપયોગ કરીને પ્રચાર–પ્રસાર કરવામાં આવતો હતો. આજે પણ આ કલાનો વારસો જળવાઈ રહેલો છે.

ત્યારે આવી આ કોરોનાની કપરી પરિસ્થિતિ વચ્ચે પરંપરાગત માધ્યમના કલાકારો પાસે કામ ન હોય તે સમજી શકાય તેમ છે. આમ છતાં પણ આ કલાના માધ્યમથી ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને કોરોના વાયરસથી સુરક્ષિત રાખી શકાય અને તેનાથી પ્રતિ જાગૃતિ આવે અને તેની ગંભીરતા સમજવાની સાથોસાથ સરકાર દ્વારા જાહેર કરવામાં આવતી વિવિધ ગાઇડલાઇનનો ખ્યાલ આવી શકે તે માટે ઘણીવાર આવી કલા બહુ મોટો ભાગ ભજવતી હોય છે.

આ જ હેતુસર મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના જૂના ભલાડા ગામના વિજાનંદ તુરી કે જેઓ પરંપરાગત માધ્યમના અને ખાસ કરીને ભવાઇ–લોક્ડાયરો અને રાવણ હથ્થાના જાણીતા કલાકાર છે તેમને લુણાવાડા અને ખાનપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના નગરજનોમાં જાગૃતિ આવે તે માટે પોતાના સ્વખર્ચે જે તે ગામે પહોંચી જઇને ભવાઇના માધ્યમથી ગ્રામજનોને ગામઠી અને લોકભોગ્ય બોલીમાં ગ્રામજનોને સમજાય તેવી ભાષામાં કોરોના વાયરસની ગંભીરતા સમજાવવાની સાથોસાથ રાજય સરકાર દ્વારા બહાર પાડવામાં આવતી સૂચનાઓ અને માર્ગદર્શિકો સમજાવવાની સાથોસાથ તેનાથી કેવી રીતે સુરક્ષિત રહી શકાય, ઘરની બહાર નીકળો તો માસ્ક પહેરીને જ નીકળો, સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરો, વારંવાર સાબુ/ સેનેટાઇઝરનો ઉપયોગ કરી હાથ ધોતાં રહો તેમજ કોરોનાની વેકિસન મૂકાવી પોતાની જાતે સુરક્ષિત કરો સહિતની સમજ આપી ગ્રામ્યજનો સુરક્ષિત રહે તે માટે આરોગ્ય વિષયક સંદેશો પહોંચાડવાની કામગીરી કરી હતી.

વિજાનંદ તુરીની આ માનવીય અભિગમ સાથેની અને ખાસ કરીને કોરોના આ કપરા સમયમાં પોતાના સ્વખર્ચે કરવામાં આવેલી આ અનોખી સેવાને વિવિધ ગામોના સરપંચઓ સહિત લુણાવાડાના પ્રાંત અધિકારી અને મામલતદારએ પણ તેમની આ કામગીરીને બિરદાવી પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા.

કોરોનાના આ કપરા કાળમાં અનેક સેવાભાવી–સ્વૈચ્છિક–ધાર્મિક સંસ્થાઓ સહિત અનેક દાતાઓએ તન–મન–ધનથી નાગરિકોની સેવા કરી છે. ત્યારે પરંપરાગત માધ્યમના આ કલાકારે પોતાની કલા જીવંત રાખવાની સાથે કોરોના સામે જાગૃતિ અભિયાન આદરી અનોખી સેવા કરી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૦૧-૦૬-૨૦૨૧, મંગળવાર, વૈશાખ વદ-૭, સૂર્યોદય-૫-૨૩, સૂર્યાસ્ત-૭-૧૭, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.શ.સ.), નક્ષત્ર: ધનિષ્ઠા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભ ચોઘડીયા-<br>અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

# મહીસાગર જિલ્લામાં અત્યાર સુધી ૩.૩૭ લાખ ઉપરાંતના નાગરિકોને કોરોના વિરોધી વેક્સીન અપાઇ



લુણાવાડા,
વૈશ્વિક મહામારી કોવીડ–૧૯ ના સંક્રમણ સામે આરોગ્ય સુરક્ષા કવચ આપતું કોરોના રસીકરણ અભિયાન મહીસાગર જિલ્લામાં પૂરજોશમાં ચાલી રહ્યું છે. જિલ્લા આરોગ્ય તંત્રે જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લામ વિકાસ અધિકારી કે.ડી.લાખાણી ના માર્ગદર્શન હેઠળ રસીકરણ અભિયાનને વેગવાન બનાવવા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ૪૫ થી વધુ ઉંમરના નાગરિકોને કોરોના રસી આપવાની કામગીરી હાલ કાર્યરત છે. ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરાયેલ રસીકરણ ઝુંબેશ હેઠળ મહીસાગર જિલ્લામાં અત્યાર સુધી હેલ્થ કોરોના વોરિયર, ફ્રન્ટ લાઈન વોરિયર, ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના કુલ ૩,૩૭,૪૨૮ નાગરિકોએ કોરોના રસીકરણ કરાવી કોરોના સામે આરોગ્ય સુરક્ષા કવચ મેળવ્યું છે.

ત્યારે ૩૦મી મે–૨૦૨૧ સુધીમાં લુણાવાડા તાલુકામાં ૧૦૧૨૭૪, બાલાસિનોર તાલુકામાં ૪૭૯૯૩,સંતરામપુર તાલુકામાં ૮૪૫૧૫, ખાનપુર તાલુકામાં ૨૮૧૯૧, કડાણા તાલુકામાં ૪૨૦૩૭ અને વિરપુર તાલુકામાં ૩૩૪૧૮ મળી જિલ્લાપના કુલ ૩,૩૭,૪૨૮ જેટલા હેલ્થ કોરોના વોરિયર, ફ્રન્ટ લાઈન વોરિયર, ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના શહેરી અને ગ્રામ્ય વિસ્તાઅરોના નાગરિકો દ્વારા કોરોના વેક્સીનેશન કરાવ્યું છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૦૨૭ આરોગ્ય કોરોના વોરિયર, ૯૧૪૩ ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર, ૪૫ થી ૫૯ વર્ષના અને ૬૦ થી વધુ ઉંમરના ૨,૨૫,૧૫૯ જેટલા નાગરિકોને કોરોના રસી મૂકવામાં આવી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૨,૪૦,૩૨૯ નાગરિકોને કોરોના રસીનો પ્રથમ તેમજ ૯૭,૦૯૯ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

જિલ્લા કલેકટર આર. બી. બારડે જણાવ્યું કે સાથે સાથે વેકસીન લીધા પછી પણ કાળજી એટલી જ રાખવાની છે જેમ કે, માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ રાખવું અને જાહેર ભીડવાળી જગ્યા ઉપર જવું નહીં, સેનીટાઇઝ કરવું, જયાં–ત્યાં થુંકવુ નહીં અને ખૂબજ કાળજી રાખી આ રોગની ગંભીરતાને સમજી આપણે બધા સાથે મળી રોગને નિયંત્રણમાં લાવવા તમામ સહયોગ કરશે તેવી આશા વ્યકત કરી હતી.

# ધો.૧૦ની માર્કશીટ વિના જ ૧૧માં પ્રવેશ, તંત્રએ નોટીસ પાઠવી માન્યો સંતોષ

અમદાવાદ,
રાજ્ય માં હાહાકાર મચાવનાર કોરોનાના સંક્રમણના લીધે રાજય સરકાર દ્વારા ધોરણના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો નિર્ણય કર્યો છે. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાયા બાદ વિદ્યાર્થીઓની માર્કશીટ કેવી રીતે તૈયાર કરવી તેનો નિર્ણય શિક્ષણ વિભાગ હજુ સુધી કરી શક્યું નથી. ત્યારે શાળાઓએ જાતે જ બાળકોને ધોરણ ૧૧માં પ્રવેશ આપવાની શરૂઆત કરી દીધી છે.

રાજયભર ની અનેક શાળાઓએ ધોરણ ૧૦ની માર્કશીટ વગર જ ધોરણ ૧૧માં વિદ્યાર્થી ને પ્રવેશ આપવાની શરૂઆત કરી છે. ત્યારે જે શાળાઓએ ધોરણ ૧૧માં પ્રવેશ આપવાની કરી છે તેમને તંત્ર દ્વારા નોટીસ (ફ્રેંડ્રી) પાઠવી સંતોષ માનવામાં આવ્યો છે. ખુદ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળના પ્રમુખ ભાસ્કર પટેલ કહી ચૂક્યા છે કે ધોરણ ૧૦ ની માર્કશીટ વિના ધોરણ ૧૧ માં પ્રવેશ આપવો અયોગ્ય છે. સરકારે હજુ સ્પષ્ટ કર્યુ નથી કે બાળકોને ધોરણ ૧૧માં કયા આધારે પ્રવેશ આપવો ત્યારે કોઈપણ શાળાએ હાલ પ્રવેશ ના આપવો જોઈએ.

નિયમ મુજબ કોઈપણ શાળા ધોરણ ૧૦ની માર્કશીટ (સ્ક્રોજિર્રી) વગર વિદ્યાર્થીઓને ધોરણ ૧૧માં પ્રવેશ આપી ના શકે. ધોરણ ૧૦ની માર્કશીટ વગર જ ધોરણ ૧૧માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપનાર કેટલીક શાળાઓને ઢઈ કચેરી તરફથી નોટિસ પણ ઈશ્યુ કરવામાં આવી છે. જોકે શિક્ષણ વિભાગની ઢીલી નીતિના લીધે શાળા સંચાલકોની મનમાની યથાવત છે. માત્ર ફટકારે સંતોષી માનતા તંત્ર સામે શાળાઓ બેફામ બની છે.

શિક્ષણ વિભાગે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપ્યું ત્યારબાદ માર્કશીટ કેવી રીતે તૈયાર કરવી એ અંગે એક કમિટી બનાવી હોવા છતાં કમિટી હજુ સુધી કોઈ નિર્ણય લઈ શકી નથી. શિક્ષણ વિભાગની કચબા ગતિથી પરેશાન શાળા સંચાલકોએ બાળકોને ધોરણ ૧૧માં પ્રવેશ આપવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

શિક્ષણ વિભાગ દ્વારા અગાઉ થયેલી જાહેરાત મુજબ નવું શૈક્ષણિક સત્ર પણ ૭ જૂનથી શરૂ થવાનું છે, એવામાં શાળાઓએ પોતાની તૈયારીઓ આરંભી પરંતુ શિક્ષણ વિભાગ હજુ ઘોર નિદ્રામાં છે. ધોરણ ૧૦ના બાળકોને માસ પ્રમોશન આપ્યા બાદ તમામ બાળકોને કેવી રીતે ધોરણ ૧૧માં સમાવેશ કરી શકાશે તે બાબતે પણ કોઈ ચોક્કસ રણનીતિ તૈયાર કરવામાં આવી નથી.

ધોરણ ૧૦માં માસ પ્રમોશન મેળવ્યા બાદ જે શાળામાં ધોરણ ૧૧ ના વર્ગો નથી, તેવી શાળાના વાલીઓ તેમના બાળકોને ધોરણ ૧૧માં પ્રવેશ અપાવવા માટે ચિંતિત બન્યા છે. દરવર્ષે અંદાજે ૬૦ ટકા ધોરણ ૧૦નું રિઝલ્ટ આવતું હતું ત્યારે આ વખતે માસ પ્રમોશનને કારણે ૧૦૦ ટકા બાળકો પાસ થયા છે. એવામાં તમામનો કેવી રીતે ધોરણ ૧૧માં સમાવેશ કરી શકાશે તેનો જવાબ હજુ પણ શિક્ષણ વિભાગ આપી શક્યું નથી.

# નહીં અટકે સેન્ટ્રલ વિસ્ટાનું કામ, હાઈકોર્ટે અરજીકર્તાને ફટકાર્યો રૂ. ૧ લાખનો દંડ

ન્યુ દિલ્હી,
દિલ્હીમાં ચાલી રહેલા સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટના નિર્માણ પર પ્રતિબંધ નહીં લાગે. દિલ્હી હાઈકોર્ટે આ પ્રોજેક્ટને રોકવાની ના કહી દીધી છે. આ ઉપરાંત કોર્ટે અરજી કરનાર વ્યક્તિ પર ૧ લાખ રૂપિયાનો દંડ લગાવ્યો છે. કૉર્ટે અરજી કરનારાના ઈરાદા પર પ્રશ્ન ઉઠાવ્યો છે અને કહ્યું કે, આ પ્રોજેક્ટને જબરદસ્તીથી રોકવા માટે અરજી કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં લગાવવામાં આવેલા લોકડાઉન બાદ અરજદારે એમ કહીને અરજી દાખલ કરી હતી કે અત્યારે દિલ્હીમાં કન્સ્ટ્રક્શન એક્ટિવિટીઝ પર સંપૂર્ણ રીતે પ્રતિબંધ છે, તો આ પ્રોજેક્ટનું કામ કેમ ના રોકવામાં આવ્યું? અરજીમાં કહેવામાં આવ્યું હતુ કે ૫૦૦થી ઉપર મજૂરો ત્યાં કામ કરી રહ્યા છે આના કારણે ત્યાં કોરોના સંક્રમણ ફેલાય તેવો ખતરો છે, પરંતુ આજે જ્યારે હાઈકોર્ટે પોતાનો નિર્ણય સંભળાવ્યો ત્યારે પહેલાથી જ દિલ્હી સરકાર કન્સ્ટ્રક્શન એક્ટિવિટી પર લાગેલા પ્રતિબંધને હટાવી ચુકી છે.

કૉર્ટે કહ્યું કે, લોકોનો રસ આ પ્રોજેકટમાં છે અને આના પર નવેમ્બરમાં કામ પૂર્ણ થવાનો કોન્ટ્રાક્ટ છે. કૉર્ટે કહ્યું કે, આ મહત્વપૂર્ણ પબ્લિક પ્રોજેક્ટ છે અને આને અલગ કરીને ના જોવામાં આવી શકે. આ એક રાષ્ટ્રીય મહત્વનો પ્રોજેક્ટ છે. અદાલતે કહ્યું કે, આ પ્રોજેક્ટની કાયદેસરતા સાબિત થઈ ચુકી છે અને સરકારે નવેમ્બર ૨૦૨૧ સુધી આ કામને પૂર્ણ કરવાનું છે. કોરોના સંક્રમણના પ્રશ્ન પર અદાલતે કહ્યું કે, અત્યારે તમામ કામદારો નિર્માણ સ્થળ પર છે અને તમામ કોવિડ પ્રોટોકોલનું પાલન કરવામાં આવી રહ્યું છે. આથી કોર્ટની પાસે કોઈ કારણ નથી કે તે આર્ટિકલ ૨૨૬ અંતર્ગત મળેલી શક્તિઓનો ઉપયોગ કરતા આ પ્રોજેક્ટ રોકી દે.

સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેકટ અંતર્ગત ચાલી રહેલા નિર્માણ કાર્યને રોકવા માટે આન્યા મલ્હોત્રા અને સોહેલ હાશમીએ અરજી દાખલ કરી હતી. અરજદારોએ અરજીમાં પૂછ્યું હતુ કે, 'પ્રોજેક્ટ કેમ અને કઈ રીતે જરૂરી સેવા છે. મહામારીના આ સમયમાં આ પ્રોજેકટમાં મોટા પ્રમાણમાં જનતા માટે કોઈ સર્વિસ નથી અને ના આ જરૂરી કાર્ય છે.'

# બાળપણનો મિત્ર (લંગોટીયો)



જીજ્ઞા કપુરીયા (નિયતી)

તમારી લક્ઝરીયસ
રહેણીકરણીમાં ઉંમરનો એક
પડાવ પસાર કર્યા પછી પણ
એક એવો બાળસખો અવશ્ય
હશે,જેમાં અનેક કાલીઘેલી
ભાષામાં, મસ્તી કરતાં રમતાં,
રખડતાં તમે એક એવો મિત્ર
જરૂર બનાવ્યો હશે,
જેની સાથે તમારી
અનેક યાદો સંકળાયેલી હશે,
એવો એક લંગોટીયો મિત્ર કે
જેની સાથે લઘર વઘર હાલતમાં શેરીએ શેરી ફર્યા હશો,

એ લંગોટીયો,
જેને ખભે ધબ્બો મારીને ખડખડાટ હસ્યાં પણ હશો ને
જેની બાથમાં તમારાં ડૂસકાં પણ શમી જતાં હશે.

એ લંગોટીયો,
જેની સાથે લડાઈ ઝઘડામાં પણ એક અનોખો પ્રેમ હશે ને
પછી બે આંગળી બતાવી બુચ્ચા પણ કરી દીધી હશે.

એ લંગોટીયો,
જેણે શિક્ષકની સજામાંથી તમને બચાવ્યા પણ હશે ને
સજા થઈ તો છાનામાનાં પોતાની આંખમાં આવેલ અશ્રુ પણ લૂંછી લીધાં હશે.

એ લંગોટીયો,
જેને યાદ કરવાની સાથે તમારાં મનમાં તાર ઝણઝણી
ઉઠ્યાં હશે ને ગૂંચવાયેલા સવાલોનો જવાબ પણ મળી જતો હશે.
તમારાં લકઝરીયસ જીવનમાં ક્યારેક કોઈ સમસ્યા સતાવેને
મારાં વહાલા ત્યારે એ લંગોટીયા મિત્રને યાદ તો કરી જોજો, તમને
કૃષ્ણની જેમ રાહ જરૂર બતાવશે.
અસ્તૂ

## દૈનિક રાશીફળ

તા.૦૧.૦૬.૨૦૨૧ મંગળવાર

મેષ (અ.લ.ઈ.):- તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે। ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

વૃષભ(બ.વ.ઉ.):- ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરુષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો। ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

મિથુન(ક.છ.ઘ.):-મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. તમારે નિરાંત અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાની જરૂર છે.

કર્ક(ડ.હ.):- શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું। અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.

સિંહ(મ.ટ.):- સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. નાણાકીય દૃષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે.

કન્યા(પ.ઠ.ણ.):- સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો.

તુલા(ર.ત.):- દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો। આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે। પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે.

વૃશ્ચિક(ન.ય.):- છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. માતા-પિતાની તબિયતમાં સુધારો થશે અને તેઓ તમારા પર પ્રેમની વર્ષા કરશે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારી મહત્વાકાંક્ષા વિશે તમારા માતા-પિતા સામે રહસ્યોદ્ઘાટન માટે સારો સમય. તેઓ તમને સંપૂર્ણ સહકાર આપશે.

મકર(ખ.જ.):- તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે.

કુંભ(ગ.શ.સ.):- લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. [redacted] સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચ[redacted] નુકસાન કરી શકે છે. આજે કુટુંબ ની પરિસ્થિતિ તમે[redacted]ારો છો તેવી રહેશે નહીં.

મીન(દ.ચ.ઝ.):- વ્યસ્તતા છતાં સ્[redacted]રહેશે. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બા[redacted]ખર્ચ કરવું પડી શકે છે. પારિવારિક મોરચો તકલીફ[redacted]કે છે. પારિવારિક જવાબદારી તરફ તમારૂં બેધ્યાનપ[redacted]કરી શકે છે. પ્રેમના આનંદની અનુભૂતિની શક્યતા છે[redacted]

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં કોરોના કેસમાં સતત ઘટાડો : આજ રોજ ૦૩ પોઝીટીવ કેસ નોંધાયા



**દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા**

| : અર્બન વિસ્તારો : |
|---|
| દાહોદ-૦૨ |
| : ગ્રામ્ય વિસ્તારોમાં : |
| ઝાલોદ-૦૧ |

દાહોદ,
દાહોદ જિલ્લામાં ગઈકાલે એક પણ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો ન હતો અને આજે પણ માત્ર ૦૩ કોરોના પોઝીટીવ કેસો નોંધાતાં જિલ્લાવાસીઓ સહિત આરોગ્ય તંત્રએ રાહત અનુભવી છે.

દાહોદ જિલ્લામાં કોરોનાની બીજી લહેરના પ્રારંભ સાથે જ એપ્રિલ અને માસના પંદરેક દિવસ સુધી એટલે કે, દોઢ માસના સમયગાળા દરમ્યાન જિલ્લામાં કોરોનાના કુદકેને ભુસકે અસંખ્ય કેસો વધ્યાં હતા. કોરોનાથી મૃત્યુઆંકમાં પણ આ વખતે વધારો જોવા મળ્યો હતો. દાહોદના સ્મશાનગૃહમાં રોજેરોજ કોરોનાની ગાઈડ લાઈન પ્રમાણે મૃતકોના અંતિમ સંસ્કાર કરવામાં આવતાં હતાં. ઘણી વખત તો મૃતકોને અંતિમ સંસ્કાર માટે વેઈટીંગ પણ જોવાતું હતું. કોરોના સંક્રમણના દર્દીઓમાં વધારો થતાં દાહોદ જિલ્લાની તમામ હોસ્પિટલો હાઉસ ફુલ થઈ ગઈ હતી. એક દવાખાનેથી બીજા દવાખાને રઝળતાં દર્દીઓ અને તેમના પરિવારજનો પણ જોવા મળતાં હતાં. બેડની અછત, ઓક્સિજનની અછત હોવાની પણ ચર્ચાઓ થતી હતી. લોકોમાં કોરોનાના કેસો વધતાં ફફડાટ સાથે ભયનું વાતાવરણ પણ સર્જાયું હતું. આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર દ્વારા કોરોનાને કાબુમાં લેવા માટે અથાગ પરિશ્રમ સહિત સઘન કામગીરીનો દોર પણ આરંભ કરી દીધો હતો ત્યારે આજે લગભગ દોઢ માસ બાદ એકાએક કોરોનાના કેસોમાં ઘરખમ ઘટાડો નોંધાતાં જિલ્લાવાસીઓ સહિત આરોગ્ય તંત્રએ રાહત અનુભવી છે. ગઈકાલે તો કોરોનાનો એખ પણ કેસ નોંધાયાં ન હતો અને છેલ્લા કેટલાંક દિવસોથી એકલ દોકલ કેસો સામે આવતાં હતાં અને આજે પણ માત્ર ૦૩ કેસો નોંધાયાં છે. આજે આરટી.પી.સી.આર.ના ૨૧૬૧ પૈકી ૦૦ અને રેપીટ ટેસ્ટના ૫૪૦ પૈકી ૦૬ કેસો કોરોના પોઝીટીવ આવ્યાં હતાં. આ ૦૩ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૨ અને ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. આજે પણ કોરોનાથી મૃત્યુઆંક શુન્ય છે. આજે વધુ ૪૧ દર્દીઓ કોરોનાથી સાજા થતાં એક્ટીવ કેસની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી ૧૨૪ લોકો કોરોનાની સારવાર લઈ રહ્યાં છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૦૮૦ ને પાર થઈ ગયો છે ત્યારે ઘટતાં કેસોને પગલે આવનાર દિવસોમાં દાહોદ જિલ્લો કોરોના મુક્ત થશે તેમ લાગી રહ્યું છે.

## દાહોદના વ્યકિતએ લગ્ન કરવા ઈચ્છુક સ્ત્રી માટેની જાહેરાત આપતાં

# રાજસ્થાનની મહિલા અને તેના સાગરિતોએ ૪૮.૫૯ લાખ રૂપીયા પડાવી લઈ છેતરપિંડી કરી

દાહોદ,
દાહોદ શહેરમાં એક ચકચારી બનવા સામે આવ્યો છે. જેમાં દાહોદ શહેરમાં રહેતાં એક વ્યકિતએ એક સુપ્રસિધ્ધ સમાચાર પત્રમાં લગ્ન જીવન સાથે જોડાવવા ઈચ્છતી સ્ત્રીની જાહેરાત આપી હતી. આ જાહેરાત વાંચી રાજસ્થાન ખાતે રહેતી એક મહિલા સહિત તેના ત્રણ સાગરીતોએ આ જાહેરાતનો લાભ લઈ દાહોદના વ્યક્તિ પાસેથી જુદા જુદા સમયે કુલ રૂા.૪૯,૦૯,૦૦૦ પોતાના અલગ અલગ બેંન્ક એકાઉન્ટમાં ભરાવી આ રૂપીયા પડાવી લઈ છેતરપીડીં, વિશ્વાસઘાત કરતાં આખરે આ સંબંધે ૫૯ વર્ષીય આધેડ વ્યક્તિ મહિલા સહિત ત્રણ વિરૂધ્ધ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવ્યાંનું જાણવા મળે છે.

દાહોદ શહેરમાં સ્વસ્તિક સોસાયટી પાસે નવજીવન મીલ રોડ ખાતે રહેતાં ૫૯ વર્ષીય મનોજકુમાર બાલકૃષ્ણ સલુજા પંજાબીએ તારીખ ૨૨.૦૭.૨૦૧૬ના આસપાસ સુપ્રસિધ્ધ એક દૈનિક અખબારમાં લગ્ન જીવવ સાથે જોડાવવા ઈચ્છા ધરાવતી સ્ત્રીની જાહેરાત સમાચાર પત્રમાં આપી હતી. આ જાહેરાત જોઈ રાજસ્થાન રાજયના બાસ અલવર જિલ્લામાં કીશનગઢ તાલુકામાં રહેતી અનીતા ચૌધરી નામની યુવતીએ મનોજકુમારનો સંપર્ક સાંધ્યો હતો. આ સમયગાળા દરમ્યા ન અનીતા ચૌધરી નામની યુવતીએ મનોજકુમારને લગ્ન કરવાનો વિશ્વાસ અને પાકો ભરોશો આપ્યો હતો. આ અનીતા ચૌધરી સાથે તેના સાગરીત સાહીર મહોમંદ નુરીદ્દીન, તોફીકખાન નુરીદ્દીન, દિલીપ યાદનાઓએ પુર્વ આયોજીત કાવતરૂં રચી આ તમામે પોત પોતાના અલગ – અલગ બેન્ક એકાઉન્ટમાં તારીખ ૨૨.૦૭.૨૦૧૬ થી તારીખ ૦૮.૦૪.૨૦૨૦ના સમય ગાળા દરમ્યાન ૪૮,૫૯,૦૦૦ રૂપીયા મનોજકુમાર પાસેથી ટ્રાન્સફર, બેન્ક ખાતામાં ભરાવી પડાવી લીધાં હતાં. આ બાદ એક દિવસ મનોજકુમારને રાજસ્થાનના કોટા ખાતે બોલાવ્યાં હતાં અને જ્યાં તેઓની પાસેથી દિલીપ યાદવે રોકડા રૂપીયા ૫૦,૦૦૦ લીધાં હતાં. આ તમામ રૂપીયાનું ઉપરોક્ત ચારેય જણાએ ઓન લાઈન ટ્રાન્ઝેક્શન કરાવી તેમજ શોપીંગ કરી કુલ રૂા. ૪૯,૦૯,૦૦૦ પડાવી લઈ મનોજકુમાર સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી, ઠગાઈ કરતાં આ સંબંધે મનોજકુમાર બાલકૃષ્ણ સલુજા પંજાબી દ્વારા અનીતા ચૌધરી, સાહીર મહોમંદ નુરીદ્દીન, તોફીકખાન નુરીદ્દીન અને દિલીપ યાદવ વિરૂધ્ધ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તમામના ઘરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતના બનાવમાં બે વ્યકિતનું મોત

દાહોદ,
દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે માર્ગ અકસ્માતના સર્જાયેલ બે બનાવોમાં બે જણાના મોત નીપજ્યાનું જ્યારે અન્યને શરીરે ઈજાઓ પહોંચતાં નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના બાંડીબાર ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૩૦મી મેના રોજ એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે રોંગ સાઈડે હંકારી લાવી પોતાની મોટરસાઈકલ સ્લીપ ખવડાવી દેતાં સીંગવડ તાલુકાના દામણબારી ગામે નિશાળ ફળિયામાં રહેતાં ૧૮ વર્ષીય સુરેન્દ્રભાઈ બળવંતાઈ પટેલને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્યને શરીરે ઈજાઓ પહોંચતા તેઓને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં હતાં. આ સંબંધે દામણબારી ગામે નિશાળ ફળિયામાં રહેતાં બળવંતભાઈ પ્રતાપભાઈ પટેલે આ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ધાનપુર તાલુકાના કુંદાવાડા ગામે બનવા પામ્યો હતો. જેમાં કુંદાવાડા ગામે ઝરી ફળિયામાં રહેતાં ૩૨ વર્ષીય વિક્રમભાઈ મોહનભાઈ સુવાણ ગત તા.૨૯મી મેના રોજ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ કુંદાવાડા ગામેથી પુરઝડપે અને ગફલત ભરી રીતે મોટરસાઈકલ હંકારી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન મોટરસાઈકલ પરનો સ્ટેરીંગ પરનો કાબુ અચાનક ગુમાવી દેતાં વિક્રમભાઈ મોટરસાઈકલ સાથે જમીન પર ફંગોળાયાં હતાં અને મોટરસાઈકલ સ્લીપ ખાઈ જતાં વિક્રમભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે કુંદાવાડા ગામે ઝરી ફળિયામાં રહેતાં મોહનભાઈ પ્રતાપભાઈ સુવાણે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લાની સસ્તા અનાજની ૫૬ દુકાનોમાં કલેકટરની સરપ્રાઈઝ ચેકીંગ : પાંચ સંચાલકો સામે કાર્યવાહી

દાહોદ,
દાહોદ જીલ્લા કલેકટર દ્વારા ૫૬ જેટલી સસ્તા અનાજ ની દુકાનોની કરાઈ આકસ્મિક તપાસ કરવામાં આવતાં અનાજ વિતરણમાં ગંભીર ક્ષતિઓ જોવા મળતાં દાહોદ તાલુકાની ૩ દુકાનોને ૩ માસ માટે, સંજેલી તાલુકાની જસુણી ગામની ૨ દુકાનોના ૨ માસ માટે પરવાના સસ્પેન્ડ કરાતાં સસ્તા અનાજના દુકાનદારોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા કોરોના વાયરસની વ્યાપક અસરના કારણે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના લાભાર્થીઓને માહે મે – ૨૦૨૧ દરમ્યાન કેન્દ્ર સરકાર પુરસ્કૃત પ્રધાનમંત્રી ગરીબ અન્ન યોજના હેઠળ મફતમાં તથા એનએફએસએ યોજના અંતર્ગત રેગ્યુલર પ્રમાણ અને દરથી રાશન આપવામાં આવે છે કે કેમ? જેની ચકાસણી કરવા માટે મે.કલેક્ટર, દાહોદના તારીખ ૨૧.૦૫.૨૦૨૧ના હુકમથી દાહોદ જિલ્લાની ૫૬ જેટલી વ્યાજબી ભાવની દુકાનોની પ્રાંત અધિકારી અને મામલતદારો મારફતે આંતર તાલુકા તપાસ કરવામાં આવી હતી. તપાસ કરી અહેવાલ કલેક્ટરને રજુ કરવામાં આવ્યાં હતા. જે અન્વયે નિયુક્ત અધિકારી દ્વારા તારીખ ૨૬.૦૫.૨૦૨૧ સુધીમાં ૫૬ વ્યાજબી ભાવની દુકાનની આકસ્મિક તપાસણી કરવામાં આવી હતી અને અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. તપાસમાં ગંભીર ક્ષતિઓના આધારે દાહોદ તાલુકાની ૩ દુકાનોને ૦૩ માસ માટે, સંજેલી તાલુકાની જસુણી વ્યાજબી ભાવની દુકાનને ૦૨ માસ માટે મોકુફ રાખવામાં આવી હતી જ્યારે અન્ય પર વ્યાજબી ભાવની દુકાનોમાં તપાસણી દરમ્યાન તમામ ક્ષતિઓ સંદર્ભે નોટીસ ફટકારવામાં આવી હતી અને સરકારના નિયમોનુસાર નિયત કાર્યવાહી પણ કરવામાં આવનાર છે.

# ફતેપુરાના કપુડા ગામે લગ્ન પ્રસંગમાં ટોળુ ભેગુ થતાં પોલીસ કાર્યવાહી દરમ્યાન પોલીસ ઉપર હુમલો કરતા ફરિયાદ

ફતેપુરા,
ફતેપુરા તાલુકાના કુપડા ગામે લગ્ન પ્રસંગમાં સૌ થી બસો માણસોનું ટોળુ ભેગું થતાં કોરોના મહામારીમાં જાહેરનામાનો ભંગ જણાતા ફતેપુરા પોલીસની ટીમ આ લગ્ન પ્રસંગમાં જઈ જાહેરનામાના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરતી હતી. તે સમયે લગ્ન પ્રસંગમાં હાજર પંદર જેટલા ઈસમોએ ગેરકાયદે મંડળી બનાવી પોલીસની ટીમ ઉપર જીવલેણ હુમલો કરી છુટ્ટા પથ્થરો મારી તેમજ સરકારી ગાડીઓના કાચ તોડી નુકસાન કરી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ચકચાર સહિત ભયનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. પોલીસ પર ટોળાએ હુમલો કરતાં કેટલાંક પોલીસ કર્મચારીઓ ઘાયલ થયાં હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

કુપડા ગામે રહેતાં મણીલાલ દલાભાઈ ડામોરના પુત્ર જીજ્ઞેશભાઈ મણીલાલ ડામોરના ગત તા૨૯મી મેના રોજ લગ્ન હતાં. આ લગ્ન પ્રસંગમાં આશરે સૌ થી બસો માણસોને નિમંત્રણ આપતાં લોકો એકઠા થયાં હતા. હાલ જ્યારે કોરોના મહામારીના સમયે સરકાર દ્વારા તમામ સેવાઓ સહિત પ્રસંગો પર અંકુશ રાખવામાં આવ્યાં છે. ત્યારે લગ્ન પ્રસંગોમાં પણ કોરોના ગાઈડ લાઈનનું સંપુર્ણ પણે પાલન કરવાનું રહેશે અને જુજ માણસોની ઉપસ્થિતીમાં લગ્ન પ્રસંગ સમ્પન્ન કરવાનું રહેશે જેવા જાહેરનામા પ્રસિધ્ધ કરવામાં આવ્યાં હતાં પરંતુ આ લગ્ન પ્રસંગો બસો માણસોના ટોળા દ્વારા શોસિયલ ડિસ્ટન્સનો ભંગ અને જાહેરનામાના ભંગ થતાં તેમજ ડીજેના ટાલે નાચતાં હોઈ આ અંગેની જાણ ફતેપુરા પોલીસને થઈ હતી. પોલીસ તાત્કાલિક લગ્ન પ્રસંગ સ્થળ પર પહોંચી ગઈ હતી અને ત્યાં જઈ ડી.જે.બંધ કરાવતાં હતાં અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરતાં હતા. તે સમયે મણીલાલ અને તેમના પુત્ર જીજ્ઞેશભાઈ અને તેમની સાથે બીજા પંદર જેટલા લોકો એકદમ ઉશ્કેરાઈ જઈ પોલીસની ટીમ ઉપર પથ્થર મારો કર્યો હતો. જેને પગલે ઉપસ્થિત પોલીસ કર્મચારીઓને શરીરે ઈજાઓ પણ પહોંચી હતી. આ બાદ ટોળાએ પોલીસની સરકારી ગાડીઓ ઉપર પણ પથ્થર મારો કરી ગાડીઓના કાચ વિગેરે તોડી નાંખી નુકસાન પહોંચાડતાં આ સંબંધે ફતેપુરા પોલીસે ઉપરોક્ત ટોળા વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લામાં ડિઝીટલ સેવાસેતુનો ત્રીસ હજાર અરજદારોને લીધો લાભ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરણાથી સમગ્ર રાજ્યમાં શરૂ થયેલા ડિઝીટલ સેવાસેતુ કાર્યક્રમને દાહોદમાં નોંધપાત્ર સફળતા મળી છે. દાહોદ જિલ્લામાં ડિઝીટલ સેવાસેતુનો ત્રીસ હજાર જેટલા અરજદારોએ લાભ લીધો છે. ડિઝીટલ સેવાસેતુ કાર્યક્રમ રાજ્ય સરકારની કોરોનાકાળમાં પણ વિવિધ સેવાઓની ડોરસ્ટેપ ડિલિવરી આપવાની કટિબદ્ધતા પ્રદર્શિત કરે છે.

ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોને રાજ્ય સરકારની વિવિધ સેવાઓનો લાભ ઘરઆંગણે જ મળી રહે એ માટે મુખ્યમંત્રીએ સેવા સેતું કાર્યક્રમનો અભિગમ અમલમાં મૂક્યો હતો. પરંતુ, કોરોનાકાળને ધ્યાને રાખીને હવે આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળની વિવિધ યોજનાઓ તા. ૮–૧૦–૨૦૨૦થી ઓનલાઈન મૂકવામાં આવી છે. અર્થાત રાજ્ય સરકારની સેવાઓનો લાભ લેવા માટે એક છત્ર ઉભું કરવામાં આવ્યું છે. ડિઝીટલ સેવા સેતુ પોર્ટલ ઉપર જ અરજદાર અરજી કરવાની તેનો લાભ ઘર બેઠા મળી જાય છે.

દાહોદ જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૩,૪૬૫ અરજીઓ ડિઝીટલ સેવા સેતુ કાર્યક્રમમાં મળી છે. આ અરજીઓનો સંબંધિત વિભાગ દ્વારા સકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે. આ પાર્ટલ ઉપર રાજ્ય સરકારની કુલ ૩૬ સેવાઓ મૂકવામાં આવી છે. જેમાં રાશનકાર્ડ, દિવ્યાંગતા પ્રમાણપત્ર, વૃદ્ધ, વિધવા કે નિરાધાર પેન્શન સહાય યોજના સહિતની લોકજરૂરતની યોજનાઓ ઉપલબ્ધ છે.

મુખ્યમંત્રી રૂપાણીએ આવકનો દાખલો કાઢી આપવાની સત્તા તલાટી મંત્રીને આપવાનો નિર્ણય કરતા તેનો લાભ પણ અરજદારોને થયો છે. કારણ કે, શિક્ષણ વિવિધ વિભાગની યોજનાનો લાભ લેવા માટે આવકનું પ્રમાણપત્ર ખૂબ જ જરૂરી છે. હવે તે ગ્રામ્ય કક્ષાએ અને એ પણ ઓનલાઈન અરજી કરવાના કારણે મળી રહેતું હોવાથી ભારે સરળતા ઉભી થઈ છે. દાહોદ જિલ્લામાં જ આવા ૨૫ હજાર જેટલા પ્રમાણપત્રો ડિઝીટલ સેવા સેતું પોર્ટલ મારફત થયા છે. આ ઉપરાંત રાશનકાર્ડમાં નામ ઉમેરવા માટે ૧૪૯૮ અરજદારો, જમીનને લગતા વિવિધ દાખલો મેળવવા માટે અઢી હજારની વધુ અરજદારોએ આ પોર્ટલનો લાભ લીધો છે.

ગ્રામ્ય કક્ષાએ આ કામગીરી વિલેજ કોમ્પ્યુટર એન્ત્રેપ્રેન્યોર દ્વારા કરવામાં આવે છે. દાહોદમાં ૨૯૪ વીસીઈ છે. રાજ્ય સરકારના કારણે ગ્રામ્યકક્ષાએ કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા ૨૯૪ યુવાનોને સીધી રોજગારી મળી છે. આ યુવાનોને અરજી દીઠ નિયત કરેલી ફીમાંથી કમિશન આપવામાં આવે છે.

# ઝાલોદના લીમડીના ૭૨ વર્ષીય મૃતક મહિલાનું બીજો ડોઝ લીધાનો મેસેજ આવતાં સ્વજનોમાં આશ્ચર્ય

દાહોદ,
દાહોદ જિલ્લામાં કોરોનાના રસીકરણમાં ભુતકાળમાં પણ અનેક છબરડાઓ સામે આવ્યાં હતા. ત્યારે ગઈકાલે એક છબરડો સામે આવ્યો હતો. ત્યારે આજે ફરીવાર વધુ એક ગોટાળાને પગલે લોકોમાં સરકારની કામગીરી પર અનેક સવાલો ઉદ્ભવવા પામ્યાં છે. ઝાલોદ તાલુકાના લીમડી નગરની ૭૨ વર્ષીય મૃત મહિલાનું રસીકરણ થઈ ગયું હોવાનો મેસેજ મૃતકના સ્વજનના મોબાઈલ ફોન પર મેસેજ આવતાં અનેક તર્ક વિતર્કોએ જન્મ લીધો છે.

કોરોના મહામારીમાં કોરોના વેક્સિન લોકો માટે આર્શિવાદ સમાન ગણવામાં આવે છે. કોરોનાની બીજી લહેરથી આ વખતે સૌ કોઈ પ્રભાવિત થયા છે. જેને પગલે રસીકરણ માટે પણ લોકોની પડાપડી જોવા મળી રહી છે. ત્યારે સરકાર પણ પોતાનો ટાર્ગેટ પુરો કરવા ધમપછાડાઓ કરતી હોય તેમ લાગી રહ્યું છે. બીજી તરફ તાજેતરમાં વડાપ્રધાન મોદીએ કોરોના વેક્સિનેશન માટે રજીસ્ટ્રેશન ફરિયાત ન હોવાનું જણાવ્યું હતું. તેની સામે ગુજરાત સરકારે રજીસ્ટ્રેશન ફરજીયાત રહેશેનું વલણ અપનાવ્યું છે. ગુજરાત સરકારના આ નિંણય સામે પણ લોકોમાં અનેક સવાલો સાથે કારણોના તર્ક વિતર્કોએ જન્મ લીધો હતો. આ સમગ્ર સંદર્ભે દાહોદ જિલ્લાને લાગે વળગે છે. ત્યાં સુધી અન્ય રાજ્ય અને અન્ય જિલ્લાઓની જેમ દાહોદ જિલ્લામાં પણ ભુતકાળમાં થોડા સમય પહેલાં જે વ્યક્તિઓએ કોરોના રસીકરણ માટે રજીસ્ટ્રેશન પણ ન કરાવ્યું હતું. તેવા લોકો અને મૃત પામેલ લોકોને રસીકરણ થઈ ગયું હોવાના મેસેજો મોબાઈલ ફોન ઉપર આવ્યાં હતા. ત્યારે આવોજ એક વધુ કિસ્સો દાહોદ જિલ્લામાં ફરીવાર બન્યો છે. ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં રહેતી અને દોઢ માસ અગાઉ મૃત પામેલ ૭૨ વર્ષીય મહિલાએ કોરોના રસીકરણનો સેકન્ડ ડોઝ લઈ લીધાનો પરિવારના સ્વજનના મોબાઈલ ફોન ઉપર મેસેજ આવતાં સ્વજનોમાં આશ્ચર્ય ફેલાયું છે. કોરોના રસીકરણના નામે જાણે મસમોટા ગોટાળા સામે આવી રહ્યાં છે અને જાણે સરકાર પોતાનો ટાર્ગેટ પુરો કરવાના ધમપછાડાઓમાં લાગી છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ
દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં વડાપ્રધાન તરીકે સફળ સાત વર્ષ પુર્ણ થતાં ‘‘સેવા હી સંગઠન’’ અંતર્ગત દાહોદ નગર પાલિકા, વોર્ડ નં.૨ના ગોદીરોડ, ચાકલીયા ચોકડી ખાતે જરૂચિાતમંદોને ‘‘માસ્ક’’ વિતરણ કરવામાં આવ્યું.


૩૧મે વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિત્તે CDHO આર.ડી. પહાડીયાના માર્ગદર્શન હેઠળ ડો.રાકેશ વહોનિયા EMO આરોગ્ય વિભાગ જિલ્લા પંચાયત, દાહોદ દ્વારા નર્સિંગ કોલેજ દાહોદ ખાતે તમાકુ થી થતાં નુકશાન અંગે માહિતી આપી. તેમજ ભવિષ્યમાં તમાકુના કોઈ પણ ઉત્પાદનનું સેવન કરીશું નહિ અને બીજાને સેવન કરવા દઈશું નહિ. તેવી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી તેમજ ડો. કેવલ પંડ્યા દ્વારા પણ વિદ્યાર્થીઓને માહિતી પૂરી પાડવામાં આવી. આ ઉપરાંત રાઠોડ શૈલેષ NTCP કાઉન્સિલર, મયંક પટેલ NTCP સોશ્યલ વર્કર તેમજ નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યો.

# ૬ દિવસ સુધી નહીં ભરી શકો ઈક્મ ટેક્સ રિટર્ન, આવી રહી છે નવી વેબસાઈટ

ન્યુ દિલ્હી,
આવકવેરા વિભાગની વેબસાઈટ ૧થી ૬ જૂન સુધી બંધ રહેશે જેથી આવકવેરો ભરવા માંગતા લોકો પોતાનું રિટર્ન દાખલ નહીં કરી શકે. આવકવેરા વિભાગ ૭ જૂનના રોજ રિટર્ન ફાઈલ કરવા માટે નવી વેબસાઈટ લોન્ચ કરશે. આવકવેરા વિભાગે રવિવારે જણાવ્યું કે, કેટલાક ટેક્નિકલ ફેરફાર સાથે રિટર્ન ફાઈલ કરવા માટેની નવી વેબસાઈટ લોન્ચ કરવામાં આવી રહી છે. આ કારણે વર્તમાન વેબસાઈટ incometaxindiaefiling.gov.inને ૧ જૂનથી ૬ દિવસ માટે બંધ કરવામાં આવશે. આગામી ૭ જૂન, ૨૦૨૧થી સક્રિય થઈ જશે. આવકવેરા વિભાગે ટ્વીટમાં લખ્યું હતું કે, નવી વેબસાઈટ કરદાતાઓ માટે વધુ સુવિધાજનક રહેશે. તેમાં અનેક નવા ફીચર્સ જોડવામાં આવ્યા છે. જૂનુ પોર્ટલ આવકવેરા વિભાગના અધિકારીઓ માટે પણ બંધ રહેશે અને નવું પોર્ટલ ચાલુ થયાના ૩ દિવસ બાદ એટલે કે ૧૦ જૂનથી તેઓ આવકવેરા કેસની સુનાવણી કરી શકશે. વિભાગે જણાવ્યું કે, નવા પોર્ટલ પર કરદાતાઓને પહેલેથી ભરેલા રિટર્ન ફોર્મ મળશે. સાથે જ કર અધિકારીઓ તેના દ્વારા નોટિસ અને સમન મોકલવા સાથે કરદાતાઓના સવાલના જવાબ પણ આપી શકશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 237

# શહેરા નગર પાલિકા દ્વારા ૧૪ રોજમદારોને ફરજ પરથી છુટા કર્યા

શહેરા,
શહેરા નગર પાલિકા કચેરી ખાતે મહેકમ કરતા વધારાના ૧૪ રોજમદારોને ફરજ પરથી છુટા કરતા રોજમદારો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. નોકરી પર પરત લેવામાં આવે તે માટે છુટા કરેલ રોજમદારોએ ધારાસભ્ય તેમજ ચીફ ઓફિસરને રજૂઆત કરી હતી. કોરોના કહેરમાં પાલિકાએ છુટા કરેલ રોજમદારોને પરત ફરજ પર નહીં લેવા સાથે લેખિતમાં છુટા કરેલ હોવાનું લખાણ નહીં આપતા રોજમદારો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

શહેરા નગર પાલિકામાં ગ્રામ પંચાયત વખતના અને પાલિકાનું શાસન આવ્યું. ત્યારથી રોજમદાર પોતાની ફરજ બજાવી રહયા છે. નગર પાલિકાના સભાખંડમાં ૧૯/૪/૨૧ ના રોજ મળેલ સામાન્ય સભામા પાલિકામાં ૭૦ના મહેકમ સામે ૮૯ જેટલા ફરજ બજાવતા હોવાથી વધારાના સ્ટાફને ફરજ પરથી છુટા કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સામાન્ય સભામાં લીધેલી નિર્ણયને લઈને પાલિકામાં ફરજ બજાવતા ૧૪ જેટલા રોજમદારોને નોકરી પરથી છુટા કરતા રોજમદારોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. છુટા કરેલ રોજમદારોમાં ગ્રામ પંચાયત વખતના તેમજ ૫ થી ૧૫ વર્ષ સુધી પાલિકામાં લાઈટ વિભાગ, ડ્રાઈવર, પાણી પુરવઠા, મુકાદમ તેમજ વસૂલાત કલાર્ક તરીકે ફરજ બજાવતા હોય તેવાને લેખિતમાં જાણ કર્યા વગર છુટા કરવામાં આવ્યા હતા. પાલિકામાં પાછલા કેટલાક વર્ષથી લાઈટ વિભાગમાં ફરજ બજાવતા યુસુફખા અંસારી એ મારા સહિતના ૧૪ જેટલા રોજમદારોને પાલિકા એ લેખિતમાં લખાણ આપ્યા વગર છુટા કરી દેવામાં આવતા અમે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને અમને ન્યાય મળે અને નોકરી પર પરત લેવામાં આવે તે માટે રજૂઆત કરી છે. પાલિકામાં નોકરી પર છુટા કરેલ બધાને પરત લેવામાં નહી આવે તો અમે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીશું તેમ જણાવ્યું હતું. નગરપાલિકા ખાતે છુટા કરેલ રોજમદારો નોકરી પર પરત લેવામાં આવે તે માટે ચીફ ઓફિસરને આજીજી કરતા નજરે પડ્યા હતા. નગર પાલિકામાં મહેકમ કરતાં વધારે સ્ટાફ હોવાથી માસિક પગાર કરવો મુશ્કેલ બનતું હોવાનું જાણવા મળી રહ્યુ છે. પરંતુ જે રોજમદારોને છૂટા કરવામાં આવ્યા છે. તે બધાનો પગાર અંદાજીત રૂપિયા ૭૫,૦૦૦ હજારની થતી હોય ત્યારે વર્ષોથી ફરજ બજાવતા રોજમદારોને હાલની કોરોનાની પરિસ્થિતિને જોતા ફરજ પર પરત લેવામાં આવે તે જરૂરી છે. નગરપાલિકાના સત્તાધીશો દ્વારા નગર વિસ્તારની અનેક સમસ્યાનો અંત લાવવામાં આવી રહયો નથી. જ્યારે બીજી તરફ પાલિકામાં ફરજ બજાવતા રોજમદારોને નોકરી માંથી છુટા કરતા નગરજનોમાં ચર્ચાનો મુદ્દો ટોપ ઓફ ધ ટાઉન બન્યો છે. નોકરીમાંથી છૂટા કરેલ રોજમદારોના પરિવારજનો હાલ ચિંતિત થવા સાથે મુશ્કેલીમા મુકાઈ ગયા હતા.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

- રોજમદારોએ નોકરી પર પરત લેવામાં આવે તે માટે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને કરી રજૂઆત.
- પાલિકામાં ૭૦ના મહેકમ સામે ૮૯ જેટલા સ્ટાફ ફરજ બજાવી રહ્યો હતો.
- રોજમદારોએ નોકરી પર પરત નહી લેતા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી.
- પાલિકામા લાઈટ વિભાગ, ડ્રાઈવર, પાણી પુરવઠા, મુકાદમ તેમજ વસૂલાત કલાર્ક તરીકે ફરજ બજાવતા રોજમદારોને ફરજ પરથી છુટા કર્યા.

## મન કી બાત : PM નરેન્દ્ર મોદીએ ઓક્સિજન ટેન્કરના ડ્રાઈવર સાથે વાત કરી એક યોદ્ધાનું નામ આપ્યું

કાલોલ,
વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ મન કી બાત એપિસોડમાં કાલોલ ગામમાં આવેલ ઈનોક્ષ કંપનીમાં ઓકિસજન ટેન્કરની ફરજ બજાવતા ડ્રાઈવર દિનેશ કુમાર ઉપાદયાય સાથે વાત કરી કોરોના યુદ્ધ સ્થર પર કામ કરનારએક યોદ્ધાનો નામ આપી ધન્યવાદ ની શુભેચ્છા પાઠવી.

કોરોનાની બીજી લહેર ઘણી ઘાતક જાન લેવા સાબિત થઈ છે અને લોકોને ઓકિસજનની ભારી માત્રામાં અછત જોવા મળી હતી.જેથી ઓકિસજન ન મળવાથી ભારે માત્રામાં લોકો પોતાના જીવ પણ ગુમાવી ચૂક્યા છે.

સમગ્ર હિન્દુસ્તાનમાં જ્યારે ઓક્સિજનની સ્ટોક ન હોવાથી સાઉદી અરબ થી માડી ને અનેક દેશોએ ભારી માત્રમાં ઓકિસજન સપ્લાય કરી ભારતની મદદ કરી હતી. ત્યારે અલગ-અલગ રાજયોમાં ઓકિસજન સપ્લાય કરવામાં અને દેશના મેડિકલ ઓક્સિજન દુર-દુર તક પહોંચાડવામાં એક બહુ મોટો પડકાર હતો. ત્યારે પ્રાયોજિનિક ટેન્કર ડ્રાઈવરો દ્વારા અને ઓકિસજન એક્સપ્રેસ એરફોર્સના પાયલોટ યુદ્ધ સ્થર પર કામ કરી હજારો-લાખો નો જીવ બચાવ્યો હતા. તેવા જ એક યોદ્ધા દિનેશકુમાર ઉપાદયાય જો મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી. બહુ મોટી ખુશી વ્યકત કરી હતી દિનેશ ઉપાધ્યાય હાલ કાલોલ ઈનોક્ષ કંપનીમાં છેલ્લા ૧૫ વર્ષથી લિક્વિડ ઓક્સિજનમાં ડ્રાઈવર તરીકેની ફરજ બજાવે છે.



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

## ગોધરા NCC કેડેટ દ્વારા વિશ્વ તમાકુ દિવસ નિમિત્તે ગોધરા શહેરના જાહેર સ્થળો પર લોકજાગૃતિના કાર્યક્રમ કરવામાં આવ્યા

ગોધરા,
વિશ્વ તમાકુ નિષેધ દિન નિમિતે આજે ૩૦, ગુજરાત એન.સી.સી. બટાલિયન, ગોધરા દ્વારા લોકોમાં જાગૃતતા લાવવા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ગોધરા શહેરના જાહેર સ્થળો પર એન.સી.સી. કેડેટ દ્વારા બેનર્સ, પોસ્ટર તથા લોકો સાથે સીધો સંપર્ક કરી તેઓને તમાકુના સેવન થી થતા નુકશાન અંગે સમજાવવામાં આવ્યા હતા. ઉપરાંત તમાકુનું સેવન ન કરવાથી થતા ફાયદા વિશે પણ માહિતી આપવામાં આવી હતી. જાગૃતિનો આ કાર્યક્રમ બસસ્ટેશન, ચર્ચ સર્કલ તથા જાહેર માર્ગો પર કરવામાં આવ્યો હતો. આ અભિયાનમાં શેઠ.પી.ટી. આર્ટસ અને સાયન્સ કોલેજના એન.સી. સી. કેડેટ તથા બટાલિયનના સી.ઈ.ઓ કર્નલ કેટકે નાયર તેમજ મેજર ગુરમુખ સિંઘ, પી.આઈ.સ્ટાફ વગેરે ભાગ લઈ કાર્યક્રમ ને સફળ બનાવવા માં આવ્યો હતો.

## ગોધરા લુણાવાડા હાઈવે પરના છબનપૂર બ્રિજ નજીક કારચાલકે બાઈકચાલકને ટક્કર મારી મોત નિપજાવ્યું હતું

ગોધરા,
દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકા પંચાયત કચેરીમાં મદદનીશ સમાજકલ્યાણ અધિકારી તરીકે ફરજ બજાવતા અને ગોધરા શહેરના સાંપા રોડ પર આવેલા શાંતિકુંજ સોસાયટીમાં રહેતા જગદીશભાઈ નાથાભાઈ પરમાર રોજ અપડાઉન કરતા હતા. ત્યારે ગત ૨૭ મેં ના રોજ સાંજના સાત વાગ્યાના અરસામાં તેઓ નોકરી પૂરી કરીને બાઈક લઈને ઘરે પરત ફરી રહ્યા હતા.તે વેળાએ ગોધરા લુણાવાડા હાઈવે પર છબનપુર બ્રિજ નજીક પૂરઝડપે જઈ રહેલા એક કારચાલકે તેઓની બાઈકને ટક્કર મારી હતી. જેને લઈને તાત્કાલિક ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યાં તેઓની સ્થિતિ વધુ બગડતા તેઓને વડોદરા ખાતે વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં ફરજ પરના તબીબ દ્વારા તેઓને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આમ કારની અડફેટે મદદનીશ સમાજકલ્યાણ અધિકારી નું મોત નીપજાવનાર કારચાલક ઘટનાસ્થળે થી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે કારના નંબરના આધારે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## પાવાગઢ મંદિર અને ચાંપાનેર મોન્યુમેન્ટ ૧૫ જુન સુધી પ્રવાસીઓને દર્શનાર્થી માટે બંધ રાખવાનો નિર્ણય


તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ,
પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા તેમજ ભારતીય પુરાતત્વ વિભાગ એ ૧૫ જુન સુધી પ્રવેશ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા ૩૧ મે સુધી માતાજીના પ્રત્યક્ષ દર્શન માટે બંધ રાખવામાં આવ્યો હતો. આજરોજ જીલ્લામાં કોરોનાની સ્થિતીને જોતાં મંદિર ટ્રસ્ટ દ્વારા ૧૫ જુન સુધી માતાજીના પ્રત્યક્ષ દર્શન માટે ભાવિભકતો માટે બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. માઈ ભકતો માતાજીના ઓનલાઈન દર્શનનો લાભ લઈ શકશે. જ્યારે પાવાગઢ અને ચાંપાનેર ખાતે આરક્ષિત મોન્યુમેન્ટમાં પ્રવાસીઓ માટે બંધની મુદ્દતમાં વધારો કરવામાં આવ્યો છે.ભારતીય પુરાતત્વ વિભાગ દ્વારા ૧૫ જુન એટલે ૧૬ દિવસ માટે પ્રવાસીઓ માટેનો પ્રવેશ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો. વર્લ્ડ હેરીટેઝમમાં સ્થાન ધરાવતા પાવાગઢ અને ચાંપાનેર ખાતે આવેલ ૧૧૪ મોન્યુમેન્ટ પૈકી ૩૯ મોન્યુમેન્ટ પુરાતન વિભાગ દ્વારા આરશિક્ષત કરાય છે. તેના પ્રવાસીઓ માટે બંધ રાખવાનો નિર્ણય કરાયો છે.

## કાલોલનો વેપારી FB પર કોલગર્લના સંપર્કમાં આવતાં બિભત્સ હરકતોથી અંજાઈ જતાં કોલગર્લ દ્વારા બ્લેક મેલીંગ કરી વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ કર્યો

કાલોલ,
કાલોલના એક વેપારી ફેસબુક ઉપર કોલગર્લના સંપર્કમાં આવ્યા હોય વિડીયો કોલીંગ દરમ્યાન બિભત્સ પળોનું રેકોર્ડીંગ કરીને વેપારી પાસે નાણાંની માંગણી કરી હતી. નાણાંની માંગણી નહિ સંતોષતા વેપારીનો અશ્લીલ વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ કરતાં નગરમાં ચર્ચાનો વિષય બન્યો.

કાલોલના એક વેપારી થોડા દિવસ પહેલા ફેસબુક ઉપર કોલગર્લના સંપર્કમાં આવ્યા હતા. સંપર્ક દરમ્યાન વેપારી અને કોલગર્લ વિડીયો કોલીંગમાં સંપર્કમાં આવ્યા હતા. વિડીયો કોલીંગમાં અશ્લીલ હરકતો કરી હતી. આવી અશ્લીલ હરકતો થી ભરવાયેલા વેપારી પણ આવા જાંસામાં આવ્યા હતા. વેપારીની અંગતપળોનું વિડીયો રેકોર્ડીંગ કર્યુ હતું અને વેપારી પાસે કોલ ગર્લ દ્વારા નાણાંની માંગણી કરાઈ હતી. તે માંગણી વેપારી દ્વારા નહિ સંતોષતા વેપારીનો અશ્લીલ વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ કરી દેતાં કાલોલ નગરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

## આઈપેડના નાણાં આપવાની જગ્યા એ યુવાનના પેટીએમમાંથી ૪૧ હજાર ટ્રાન્ઝેકશન કરી વિશ્વાઘાત કર્યાની ફરિયાદ

દાહોદ,
દાહોદ શહેરમાં એક યુવકે પોતાનો આઈપેડ વેચવા માટે ઈન્ટરનેટ વેબસાઈટ પર એડવટાઈઝ આપી હતી. આ એડવટાઈઝ જોઈ એક ઈસમે દાહોદના યુવકનો મોબાઈલ ફોન ઉપર સંપર્ક કરી પોતે આઈપેડ લેવા ઈચ્છા ધરાવી હતી અને દાહોદના યુવકના પેટીએમમાં આઈપેડના નાણાં નાંખવાની જગ્યાએ તેનાજ પેટીએમમાંથી રૂા.૪૧,૦૦૦ ટ્રાન્ઝેકશન કરી વિશ્વાસઘાત, છેતરપીંડી કરતાં આ સંબંધે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવાં પામી છે. દાહોદ શહેરમાં ઠક્કર ફળિયા ખાતે બાદશાહની ગળી, ચુનાવાલા કમ્પાઉન્ડની સામે રહેતાં મહંમદ શબ્બીરભાઈ પોપટ (વ્હોરા)એ તારીખ ૦૧.૦૩.૨૦૨૧ના રોજ પોતાનો એપલ કંપનીનો આઈપેડ વેચવા માટે ઓનલાઈન બેવસાઈટ પર એડ્વટાઈઝ મુકી હતી. આ એડ્વટાઈઝ જોઈ નિતીનકુમાર નામક વ્યક્તિએ મહંમદનો સંપર્ક કર્યો હતો અને એકબીજા સાથે આ મામલે વાતચીત પણ કરી હતી. નિતીનકુમારે આઈપેડ ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરતાં આ આઈપેડની કિંમત રૂા.૨૨,૦૦૦ મહંમદ નક્કી કરવામાં આવી હતી અને આ કિંમત ચુકવવા નિતીનકુમાર તૈયાર થયાં હતાં. આ બાદ નિતીનકુમારે મહંમદભાઈ પાસેથી તેનો પેટીએમ નંબર અને કોડ મંગાવ્યો હતો અને તેના પેટીએમમાં રૂા.૨૨,૦૦૦ ટ્રાન્ઝેકશન કરવાનું કહ્યું હતું. મહંમદે પોતાનો પેટીએમ નંબર અને કોડ બંન્ને નિતીનના વોટ્સએપ પર મોકલી આપ્યાં હતાં. આ બાદ આઈપેડના રૂા.૨૨,૦૦૦ તો નિતીનકુમારે ન ચુંકવ્યાં પરંતુ પોતાનો કસબ અજમાવી મહંદમભાઈના પેટીએમમાંથી થોડા થોડા કરી કુલ રૂા.૪૧,૦૦૦નું ટ્રાન્ઝેકશન કરી વિશ્વાસઘાત, છેતરપીંડી, ઠગાઈ કરતાં આ મહંમદભાઈ શબ્બીરભાઈ પોપટ (વ્હોરા) દ્વારા નીતિનકુમાર નામક વ્યક્તિ વિરૂધ્ધ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પંચમહાલ જીલ્લામાં કોરોનાના કેસમાં ઘટાડો : આજરોજ ૧૦ પોઝીટીવ કેસ નવા નોંધાયા



ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં ઘટાડો જોવા મળ્યો છે. જીલ્લામાં કોરોના દર્દીઓની સંખ્યા ઓછી થતાં જીલ્લા આરોગ્યતંત્ર અને વહીવટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. આજરોજ જીલ્લામાં ૧૦ પોઝીટીવી કેસ નોંધાયા છે. જ્યારે ૯૧ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં છેલ્લા કેટલાક દિવસ થી સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. જીલ્લામાં આંશીક લોકડાઉન થી કોરોના સંક્રમણના કેસમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. આજરોજ ૧૦ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાયા છે. જ્યારે ૯૧ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતાં રજા અપાઈ છે. હાલ જીલ્લામાં ૩૨૪ સક્રિય કેસ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જીલ્લામાં સતત કોરોના કેસમાં ઘટાડો થતાં વહીવટી તંત્ર એ રાહતનો શ્વાસ લીધો છે. જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા લોકોને કોરોના કેસ ઓછા થયા છે. કોરોના ગયો નથી માટે કોરોના ગાઈડ લાઈનનું પાલન કરીને સુરક્ષીત રહો તેવી અપીલ કરાઈ છે.

**પંચમહાલ જીલ્લાની આજની કોરોના સ્થિતી**

: શહેરી વિસ્તાર :
ગોધરા-૦૧

: ગ્રામ્ય વિસ્તાર :
ગોધરા - ૦૪
ઘોઘંબા - ૦૩
કાલોલ - ૦૨

સક્રિય કેસ - ૩૨૪
રજા અપાઈ - ૯૧

## પંચમહાલ માં પસંદગી પામેલ ૨૦ શિક્ષણ સહાયકોને ભલામણ પત્ર એનાયત કરવામાં આવશે

ગોધરા,
શિક્ષણ વિભાગ ગુજરાત રાજયના નિયામક શાળાઓની કચેરી ગાંધીનગર દ્વારા અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી પ્રક્રિયા ૨૦૨૧ અંતર્ગત કુલ ૨૯૬૦ શિક્ષકોની પસંદગી ભરતી કેન્દ્રીયકૃત મેરીટના ધોરણે સંપૂર્ણ પારદર્શક પદ્ધતિથી કરવામાં આવી હતી.જે પૈકી પંચમહાલ જિલ્લા ખાતે બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક વિભાગ ખાતે ખાલી પડેલી જગ્યાઓ માટે વિષય ૨૧૨ શિક્ષણ સહાયકની પસંદગી પામ્યા હતા. આ પસંદગી પામેલ શિક્ષકો પૈકી ૨૦ શિક્ષણ સહાયકોને આવતીકાલે જિલ્લા કલેકટર કચેરી ખાતે ૧૦.૩૦ કલાકે જિલ્લા કલેકટર, રાજયકક્ષા પસંદગી સમિતિના સભ્ય જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શાળા સંચાલક મંડળના પ્રમુખ તેમજ વિવિધ ઘટક સંઘના પ્રમુખના વરદ હસ્તે શિક્ષણ સહાયકોને ભલામણપત્ર એનાયત કરવામાં આવશે. તેમજ પસંદગી પામેલા ૨૧૨ શિક્ષણ સહાયકો પૈકી બાકી રહેલ ૧૯૨ ઉમેદવારોને જિલ્લા શિક્ષણાધિકારી તેમજ અન્ય પદાધિકારીઓની ઉપસ્થિતિમાં બી.આર.જી.એફ ભવન ખાતે નિમણૂક પત્ર એનાયત કરવામાં આવશે.

## દાહોદમાં જમીન બાબતે નસીરપુર કાટેજ ફળીયામાં રેહતા પરિવાર પર થયો હુમલો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ તાલુકા નાં નસીરપૂર ગામના કાટેજ ફળીયાના હનુમાન મંદિર સામેના રહેણાંક ઘરમાં આશરે ૨૦ થી વધુ લોકો ડાંગો લઈ આવી કહેવા લાગ્યા કે હમારી જમીન હમને આપી દો એમ કહી ઉશ્કેરાઈ જીવલેણ હમલો કરી ઘરમાં તોડ ફોડ કરી મારી નાખવાની ધાક ધમકી આપી નાસી ગયા હતા.પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ તાલુકાના નસીરપુર ગામમાજ ખેતી લાયક ૩૫ એકડ જેટલી જમીન કીડીયા બદીયાભાઈ અને એમના વાલી વારસોના કબ્જા હેઠળ છે. જેમાં એમના કૌટુંબિક લોકો આજ રોજ વહેલી સવારે નસીરપુર ગામે એમનાં ઘરે આવી પહોંચી જમીનમાં ભાગ લેવા ડાંગો લઈ આવી કહેવા લાગેલ કે હમને જમીનમાં ભાગ જોઈએ નહીં તો જાન થી મારી નાખીશું એમ કહી ઉશ્કેરાઈ ઘરમાં તોડ ફોડ કરી સાથે લાવેલ મોટર સાઈકલ તેમજ સાથે લાવેલ ડાંગ છોડી નાશી જવામાં સફળ થયા હતા. હાલ તો ઘટનાની જાણ દાહોદ તાલુકા પોલીસને ઘટનાની જાણ થતા અરજીના આધારે વધુ તપાસ હાથ ધરી સમાચાર લખાયા ત્યાં સુધી એફઆઈઆર થઈ નથી.

## દાહોદના બોરવાણીના યુવાનને બજાજ ફાયનાન્સની લોન પાસ થવાના નામે પ્રોસેસ ફી નામે ૭૩ હજાર પડાવી લઈ છેતરપિંડીની ફરિયાદ

દાહોદ,
દાહોદ તાલુકાના બોરવાણી ગામના એક યુવકના મોબાઈલ ફોન પર એક વ્યક્તિનો ફોન આવ્યો અને પોતાની ૦૨ લાખની બજાજ ફાઈનાન્સની લોન પાસ થઈ હોવાનું જણાવી લોન મેળવવા અલગ અલગ પ્રોસેસ બતાવી જુદા જુદા સમયગાળામાં કુલ રૂા.૭૩,૬૪૯ અલગ અલગ ખાતામાં ભરાવી આ નાણાં પડાવી લેતાં પોતાની સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી થઈ હોવાની ફરિયાદ લઈ યુવક પોલીસ મથકે પહોંચ્યો હતો. બોરવાણી ગામે માવી ફળિયામાં રહેતાં અજયભાઈ બદિયાભાઈ સંગાડાના મોબાઈલ ફોન પર ગત તા.૦૯.૦૪૨૦૨૧ના રોજ એક મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો અને પોતાનું નામ અંશુમન સાહું જણાવ્યું હતું. આ અંશુમને અજયભાઈ સાથે વાતચીત કરી જણાવ્યું હતું કે, તમોને બજાજ ફાઈનાન્સમાં રૂપીયા ૦૨ લાખની લોન પાસ થયેલ છે જેની અલગ અલગ પ્રોસેસ અજયભાઈને બતાવી તારીખ ૦૯.૦૪.૨૦૨૧ થી તારીખ ૨૨.૦૫.૨૦૨૧ દરમ્યાન તુટક, તુટક કુલ રૂા.૭૩,૬૪૯ અલગ અલગ બેન્ક ખાતામાં ભરાવી આ રૂપીયા પડાવી લેતાં અને કોઈ લોન પાસ ન થતાં આખરે અજયભાઈ બદિયાભાઈ સંગાડાને પોતાની સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી તેમજ ઠગાઈ થઈ હોવાનું જણાતાં તેઓ દાહોદ તાલુકા પોલીસ મથકે પહોંચી ગયાં હતાં અને અંશુમન સાહું નામક વ્યક્તિ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.